વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં ગુજરાત રાજય અન્ન આયોગના અધ્યક્ષશ્રીની વાહન ખરીદી માટેની નવી બાબત માટે થનાર ખર્ચ અંગેની વહીવટી મંજુરી બાબત

ગુજરાત સરકાર
ક્રમાંકઃ બજટ/૧૦-૨૦૧૯/૧/ક-૧
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૯/૮/૨૦૧૯

ઠરાવઃ-

વિભાગના તા.૨૯/૭/૨૦૧૯ ના જાહેરનામાથી ગુજરાત રાજય અન્ન આયોગના અધ્યક્ષશ્રીની નિમણૂંક કરવામાં આવેલ છે. ગુજરાત રાજય અન્ન આયોગ એ વિભાગના ખાતાના વડાની કચેરી છે. વિભાગના તા.૧૮/૯/૨૦૧૭ ના જાહેરનામાથી ગુજરાત રાજય અન્ન આયોગના અધ્યક્ષશ્રીને પ્રોટોકોલના હેતુ માટે મુખ્ય સચિવશ્રી સમકક્ષ દરજ્જો આપી સેવાની શરતો નકકી કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાના સુચારૂ અમલીકરણ માટે મોનીટરીંગ અને રીવ્યુની કામગીરી માટે આયોગના અધ્યક્ષશ્રીને વારંવાર જીલ્લાઓની મુલાકાતો લેવા જવાનું થાય તેમ છે.

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માં આયોગના અધ્યક્ષશ્રીની વાહન ખરીદી માટે થનાર ખર્ચ અંગેની નવી બાબત માટે રૂ.૨૦.૦૦ લાખ (અંકે રૂપિયા વીસ લાખ પુરા) ની ગ્રાન્ટનો ખર્ચ કરવા નીચેની શરતોએ આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૯-૨૦ ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.
૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.
૩. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. વાહનની ખરીદી બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૬/૩/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક : જીટીએસ/૧૦૨૦૧૩/૩૧૯/ઘ ની જોગવાઇ અને શરતોને અનુસરીને જે તે નાણાકીય વર્ષ દરમિયાન કરવાની રહેશે.

૮. બંદરો અને વાહન વ્યવહાર વિભાગના દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહિ.

૯. નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રિયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

૧૦. બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૯/૨૦૦૮ ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહનને પેટ્રોલ સંચાલિત હોય તો તેને સી.એન.જી. માં રૂપાંતર કરાવવાની વિભાગની જવાબદારી રહેશે.

૧૧. ગુજરાત રાજય અન્ન આયોગના ચેરમેનશ્રીની જગ્યા ભરાય બાદ નવા વાહનની ખરીદી કરવાની રહેશે. વાહનનો પ્રકાર Innova Crysta (Petrol) રહેશે.

૧૨. બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા વખતો-વખત બહાર પાડવામાં આવતી વાહન ખરીદી અંગેની નીતિ મુજબ નિયત થયેલ વાહન જ ખરીદવાનું રહેશે.

૧૩. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૧૪. વાહનની ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું યુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૫. સામાન્ય અને વહીવટ વિભાગના તા.૧/૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક : મકમ/૨૦૦૪/૨૫૩૯/(૨)/ખ૩ની જોગવાઇ મુજબ આ ગાડી માટે ડ્રાઇવરની એક જગ્યા આઉટસોર્સથી ભરવાની રહેશે.

૧૫. આ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૯ પછી કરવાનો રહેશે.